# ધોરણ-9 માટેની નિદાન કસોટી

Subject :- સામાજિક વિજ્ઞાન     Total Marks :- 80

Medium :- ગુજરાતી     Time :- 3 Hours

---

**પ્રશ્ન-1** **ટૂંકમાં ઉત્તર આપો.** (6)

(1) આઝાદી પહેલાં ભારતીય સમાજમાં કેવા કેવા કુરિવાજો પ્રચલિત હતા ?

(2) ઠક્કરબાપાએ કરેલ સામાજિક સુધારા વિશે ટૂંકમાંજણાવો.

(3) આર્યસમાજ દ્વારા સમાજ માટે કઈ કઈ પ્રવૃતિઓથતી હતી?

**પ્રશ્ન-2 (અ)** **'અ' વિભાગની વિગતો 'બ' વિભાગની વિગતો સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો:** (4)

| 'અ' | 'બ' |
|---|---|
| 1. ભૂમિ પ્રદૂષણ | A. નદીઓમાં કેમિકલયુક્ત છોડવું |
| 2. પાણીનું પ્રદૂષણ | B. ઉત્સવોમાં મોટા લાઉડસ્પીકરનો ઉપયોગ |
| 3. વાયુ પ્રદૂષણ | C. ઉદ્યોગોનો ઘન કચરો જમીન પર ફેંકવો |
| 4. ધ્વનિ પ્રદૂષણ | D. પેટ્રોલ, ડીઝલ થી ચાલતા વાહનો |
| | E. લીલા પડવાસનો ઉપયોગ |

**પ્રશ્ન-2 (બ)** **ટૂંકમાં ઉત્તર આપો:** (6)

(1) હવાનું પ્રદૂષણ અટકાવવાના ઉપાયો લખો

(2) પાણીનું પ્રદૂષણ અટકાવવાના ઉપાયો લખો

**પ્રશ્ન-3 (અ)** **મને ઓળખો:** (4)

(1) મારા પ્રયત્નોથી હિંદી રાષ્ટ્રીય મહાસભાની સ્થાપના થઇ. ...................

(2) મેં આનંદમઠ નામની નવલકથા લખી ......................

(3) સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે અને હું તે મેળવીને જ જં પીશ ......................

(4) હું શેર-એ-પંજાબ તરીકે જાણીતો હતો. ..................................

**પ્રશ્ન-3 (બ)** **ટૂંકનોંધ લખો** (6)

(1) સ્વદેશી આંદોલન

(2) હોમરૂલ અંદોલન

**પ્રશ્ન-4** **પ્રશ્નના ટૂંકમાં ઉત્તર આપો** (6)

(1) ન્યાયતંત્ર સ્વતંત્ર શા માટે હોવું જોઈએ?

(2) સર્વોચ્ચ અદાલતની કામગીરી શું હોય છે?

**પ્રશ્ન-5 (અ) વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.** (3)

(1) મેડમ કામાએ ભારતનો ત્રિરંગી ધ્વજ સૌપ્રથમ ફરકાવ્યો. .

(2) ભગતસિંહે ઇન્ડિયા હાઉસ ની સ્થાપના કરી..

(3) ભારતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિની શરૂઆત વાસુદેવ બળવંત ફડકે એ કરી હતી.

**પ્રશ્ન-5 (બ)** ટૂંકનોંધ લખો. - ચંદ્રશેખર આઝાદ વિશે (3)

**પ્રશ્ન-6 (અ) 'અ' વિભાગની વિગતો 'બ' વિભાગની વિગતો સાથે યોગ્ય રીતે જોડી ઉત્તર આપો:** (4)

| 'અ' | 'બ' |
|---|---|
| 1. ચૌરાચોરી | A. ઉત્તરપ્રદેશ |
| 2. ચંપારણ | B. પંજાબ |
| 3. અમૃતસર | C. ઝારખંડ |
| 4. બારડોલી | D. બિહાર |
| | E. ગુજરાત |

**પ્રશ્ન-6 (બ) કારણ આપો.** (6)

(1) સાયમન કમિશનનો ભારતના લોકોએ વિરોધ કર્યો.

(2) રોલેટ એક્ટને કાળો કાયદો કહ્યો.

(3) ગાંધીજીએ અસહકારનું આંદોલન સમાપ્ત કર્યું

**પ્રશ્ન-6 (ક) આપેલા પ્રશ્નોના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો.** (3)

(1) સવિનય કાનૂનભંગની લડત અન્વયે કઈ ઘટના બની?

(અ) વિદ્યાપીઠોની સ્થાપના (બ) દાંડીકૂચ

(ક) જલિયાવાલા બાગનો હત્યાકાંડ (ડ) બારડોલી સત્યાગ્રહ

(2) પ્રથમ વ્યક્તિગત સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ કોની પસંદગી કરી હતી.

(અ) સરદાર પટેલ (બ) જવાહરલાલ નેહરુ (ક) વિનોબા ભાવે (ડ) મૌલાના આઝાદ

(3) 'કરેંગે યા મરેંગે' - સૂત્ર ગાંધીજીએ કઈ લડતમાં આપ્યું હતું?

(અ) સવિનય કાનૂન ભંગ (બ) અસહકાર (ક) ચંપારણ (ડ) હિંદ છોડો

**પ્રશ્ન-7 પ્રશ્નના ટૂંકમાં ઉત્તર લખો** (8)

(1) ભારતની છ આંતરિક સમસ્યાઓ જણાવો.

(2) નિરક્ષરતા દૂર કરવાના સરકારે કેવા કેવા ઉપાયો કર્યા છે?

(3) ભ્રષ્ટાચારની અસર જણાવો.

(4) બેરોજગારી દૂર કરવાના ઉપાય સૂચવો

**પ્રશ્ન-8 (અ) નીચેના ઉદાહરણોનું સંગઠિત અને અસંગઠિત ક્ષેત્રમાં વર્ગીકરણ કરો** (4)

(1) સરકારી શાળામાં ભણાવતા શિક્ષક

(2) પોતાના ખેતરમાં ખેતી કરતો એક ખેડૂત

(3) એક કોન્ટ્રાકટરને ત્યાં દૈનિક કામ કરતો એક કામદાર

(4) મોટા કારખાનામાં કામ કરવા જતો એક કામદાર

**પ્રશ્ન-8 (બ) પ્રશ્નના ઉત્તર ટૂંકમાં આપો** (6)

(1) પ્રાથમિક ક્ષેત્રમાં કઈ કઈ આર્થિક પ્રવૃતિઓનો સમાવેશ થાય છે?

(2) વૈશ્વિકીકરણ એટલે શું ?

(3) સહકારી ક્ષેત્રના ઉદાહરણ આપો.

**પ્રશ્ન-9 ટૂંકનોંધ લખો** (6)

(1) નિ:શસ્ત્રીકરણની જરૂરિયાત

(2) સલામતી સમિતિ

**પ્રશ્ન-10 મને ઓળખો** (5)

(1) હું આફ્રિકા અને ગીરના જંગલમાં રહું છું .....................

(2) હું દુનિયાની સૌથી લાંબી નદી છું. ......................

(3) હું પીરામીડ માટે વિખ્યાત દેશ છું. ......................

(4) હું વિશ્વનું સૌથી ઊંચું શિખર છું ......................

(5) મને ભૂતકાળમાં સિંહલદ્વીપ કે સિલોન તરીકે ઓળખતા હતા .....................

●●●

| | | |
|---|---|---|
| 1. | **1.8.8 અર્વાચીન ભારતના સમાજ સુધારકોએને તેમના કાર્યો વિશે જણાવી શકે.** | **6** |
| 2. | **2.8.8 પર્યાવરણીય પ્રદૂષણ થવાનાં કારણો અને તેની અસરો જણાવી શકે.** | **10** |
| 3. | **1.8.10 ભારતમાં ઉદભવેલ રાષ્ટ્રવાદના કારણો અને રાષ્ટ્રવાદી પ્રવૃતિઓવિશે જણાવી શકે.** | **10** |
| 4. | **3.8.5 સર્વોચ્ચ અદાલતની કાર્ય પ્રણાલી અને તેનું મહત્વ જણાવી શક્શે.** | 6 |
| 5. | **1.8.11 દેશને આઝાદ કરાવવા થયેલ ક્રાંતિકારી પ્રવૃતિઓઅને ક્રાંતિકારીઓ વિશે જણાવી શકશે.** | **6** |
| 6. | **1.8.14 સ્વાતંત્ર્ય ચળવળોમાં ગાંધીજીના પ્રદાન વિશે જણાવી શકે.** | **13** |
| 7. | **4.8.3 ભારતની વિવિધ સમસ્યાઓ વિશે જણાવી તેને દૂર કરવાના ઉપાયો બતાવી શકશે.** | **8** |
| 8. | **4.8.4 ભારતની અર્થવ્યવસ્થાના મહત્વના પાસાઓ જણાવી શકાશે.** | **10** |
| **9.** | **3.8.6 સંયુક્તરાષ્ટ્રો અને તેની વિવિધ વિશ્વ સંસ્થાઓ અને તેના કાર્યો વિશે જણાવી શકશે.** | **6** |
| **10.** | **2.8.8 આફ્રિકા અને એશિયા ખંડની ભૌગોલિક અને સામાન્ય વિશેષતાઓ જણાવી તેનો ભેદ સ્પષ્ટ કરી શકશે.** | **5** |